શહેરમાં ગરમી વધી : તાપમાન ૩૮.૭

લોકડાઉન વચ્ચે ગરમીએ પણ માથુ ઉંચકયુ આકરી ગરમીની શરૂઆત ગઇકાલની સાપેક્ષમાં ગરમીનુ પ્રમાણ ૨.૭ ડીગ્રી વધ્યુ

ગાંધીનગર તા ૩૦

શહેરમાં આજે મોસમનો મિજાજ પણ બદલાયો હતો. ગરમીનો પારો અચાનક જ ૨.૭ ડીગ્રી ઉંચો આવતા બપોરનો તાપ આકરો બન્યો હતો. જો કે લોકડાઉન વચ્ચે નાગરિકો ઘરમાં જ હોવાથી આકરી ગરમી વેઠવાનો વારો આવ્યો ન હતો. ચૈત્ર મહીનાના પ્રારંભે આકાશી નઝારો બદલાતા વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદ ખાબકયો હતો. જયારે હવે ગરમીની શરૂઆત થતા ધીમે ધીમે ઉનાળો વધુ આકરો બનશે. ગરમીનુ જોર વધતા કોરોનાનો રોગચાળો પણ કાબુમાં આવશે તેવી આશ પણ નગરજનો સેવી રહ્યા છે.

શહેરમાં આજે ગરમીનો પારો ઉંચકાતા બપોરનો તાપ અસહ્ય બન્યો હતો. આજે મહત્તમ તાપમાન ૨.૭ ડીગ્રી વધ્યુ હતુ. જયારે ગરમીનો પારો ૩૮.૭ ડીગ્રી સુધી પહોંચી ગયો હતો. ગઇકાલની સાપેક્ષમાં ગરમી વધતા દિવસનો તાપ અસહ્ય બન્યો હતો. હાલ લોકડાઉન વચ્ચે ઘરમાં પુરાયેલા નગરજનોને ગરમી વેઠવાનો વારો આવ્યો ન હતો. પરંતુ બપોરના સમયે ઘરમાં પણ ગરમીનો અહેસાસ થયો હતો. ચૈત્ર મહીનાના પ્રારંભે વાતાવરણમાં નાટયાત્મક પલ્ટાના લીધે ગરમી અદ્રશ્ય થઇ ગઇ હતી .જયારે આકરી ગરમીના દિવસોમાં પણ અષાઢી નઝારો જોવા મળ્યો હતો. જયારે બે દિવસના વાદળિયા વાતાવરણ બાદ મોસમનો મિજાજ ફરી એકવાર બદલાયો છે. આકરો ઉનાળો શરૂ થઇ ગયો છે. ગરમીનો પારો ધીમે ધીમે ૪૦ ડીગ્રી તરફ આગળ વધી રહ્યો છે. આગામી દિવસોમાં આક્રમક ગરમી પડે તેવી સંભાવના છે. ગરમીનુ પ્રમાણ વધતા બપોરના સમયે વાતાવરણમાં અનોખો સન્નાટો જોવા મળે છે. આમ પણ લોકડાઉનના લીધે નાગરિકો ઘરમાં જ રહે છે.

અલબત્ત શહેરમાં તમામ શોપિંગ બજારો પણ બંધ છે. નગરમાં દિવસે અને રાત્રિના સમયે પણ સુનકાર છવાયેલો જોવા મળી રહ્યો છે. એકતરફ કોરોનાના રોગચાળાથી બચવા ઘરમાં રહેવુ અનિવાર્ય છે. ત્યારે ગરમીએ પણ હવે નગરજનોને ઘરમાં જ રહેવાનો ઇશારો કર્યો છે. દિવસનુ તાપમાન ગઇકાલની સાપેક્ષમાં ૨.૭ ડીગ્રી ઉંચકાયુ છે. અલબત્ત ગરમી હવે વાતાવરણ પર પક્કડ જમાવી રહી છે. આવા સંજોગોમાં નાગરિકો કોરાના અને ગરમીથી બચવા માટે ઘરમાં રહેવાનુ જ પસંદ કરી રહ્યા છે. નાગરિકો પણ આ મામલે પુરતા સતર્ક છે. ગરમીના દિવસોમાં બહાર શેકાવા કરતા ઘરમાં રહેવાનો નગરજનોને મોકો મળ્યો હોવાનુ પણ નાગરિકો જણાંવી રહ્યા છે. શહેરમાં આજે લઘુત્તમ તાપમાન પણ ૧૯.૫ ડીગ્રી નોંધાયુ હતુ. જયારે ગરમીનો કહેર વધશે ત્યારે કોરોનાનુ જોર પણ ઘટશે તેવી પણ પ્રબળ આશ નગરજનોમાં સેવાઇ રહી છે.

નિવૃત્ત નાયબ કાર્યપાલક ઈજનેર જીતેન્દ્રભાઈ ગાંધીનું દુઃખદ અવસાન

ગાંધીનગર શહેરે એક અત્યંત મિલનસાર સહૃદયી નાગરિક ગુમાવ્યા છે. માર્ગ અને મકાન વિભાગમાંથી નિવૃત્ત થનાર નાયબ કાર્યપાલક ઈજનેર જીતેન્દ્રભાઈ ગાંધીનું દુઃખદ અવસાન થતાં શહેરમાં ઘેરા શોકની લાગણી પ્રસરી ગઈ છે.

સેક્ટર-૩૦ ખાતે રહેતા અને માર્ગ મકાન વિભાગમાંથી નિવૃત્ત થનાર જીતેન્દ્રભાઈ ગાંધીએ અધિક મદદનીશ ઈજનેર તરીકે કારકિર્દી શરૂ કરી હતુ. પોતાના કાર્યને સંપૂર્ણ સમર્પિત એવા જીતુભાઈએ સાબરકાંઠા અને કેપિટલ પ્રોજેક્ટ, ગાંધીનગર ખાતે પ્રશંસનીય કામગીરી કરી હતી. ત્યારબાદ બઢતી મેળવી માર્ગ અને મકાન વિભાગ અને પંચાયત વિભાગમાં નાયબ કાર્યપાલક ઈજનેર તરીકે પ્રશંસનીય કામગીરી કરી હતી. ગાંધીનગરના વિકાસના શરૂઆતના તબક્કાથી તેઓ અહીંના નાગરિક રહ્યા અને સતત નગરના વિકાસ માટે કામગીરી કરી હતી. તેઓ ક્રિકેટના ખૂબ શોખીન હતા. તેઓએ ઘણી બધી ક્રિકેટ સ્પર્ધામાં ભાગ લઈ અઢળક મિત્રો બનાવ્યા હતા. અત્યંત પ્રેમાળ, વાચાળ અને સદા હસતુ વ્યક્તિત્વ ધરાવતા જીતેન્દ્રભાઈ ગાંધી હંમેશા મિત્રોની પડખે રહ્યા હતા. તેઓ તેમની પાછળ દીકરો પુષ્પક, દીકરી દીપલ અને પત્નિ શ્રીમતી ઈન્દિરાબેનને વિલાપ કરતા મુકી ગયા છે. તેઓનો દીકરો પુષ્પક આઈટી ઈજનેર છે જ્યારે દીકરી દીપલ હાલમાં અમેરિકામાં સ્થાયી થઈ છે.

લોકડાઉનના પગલે ગરીબો અને શ્રમકિોને ખૂબ જ તકલીફ પડી રહી છે. સેવાભાવી સંસ્થાઓ આ કપરાં સમયમાં આગળ આવી છે. સેકટર-૬ સત્યાગ્રહ છાવણી ખાતે શ્રમિક બાળકો અને પરિવારોને ખીચડીનું વિતરણ કરવામાં આવ્યું હતું.

જિલ્લામાં શ્રમિકોની ભોજનવ્યસ્થામાં જિલ્લાની ૫૭ સેવાભાવી સંસ્થાઓ તંત્ર સાથે સહભાગી બની

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લાને નોવેલ કોરોના વાયરસના કારણે લોક ડાઉન કરવામાં આવ્યું છે. આ લોક ડાઉનના સમયે શ્રમિકો અને અન્ય જરૂરિયાત મંદોને ભોજનની વ્યવસ્થા કરવામાં ગાંધીનગર જિલ્લાની ૫૭ જેટલી સેવાભાવી સંસ્થા અને વ્યક્તિઓ વહીવટી તંત્રને સહભાગી બની છે.

આ અંગે નાયબ કલેકટર શ્રી જીજ્ઞાસાબેન વેગડાએ જણાવ્યું છે કે, ગાંધીનગર જિલ્લામાં નોવેલ કોરોના વાયરસના કારણે લોક ડાઉન કરી દેવામાં આવતાં અનેક બાંધકામ સાઈડ સાથે સાથે નાના-મોટા ઔધોગિક એકમો બંધ થઈ ગયા હતા. જેમના ઘર હતા, તેઓ ઘરની અંદર લોક ડાઉનમાં સમય પસાર કરતાં હતા. પરંતુ શ્રમિકોને જમવાની તકલીફ ઉભી થઈ હતી. આવા સમયે ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર વતી જિલ્લા કલેકટર શ્રી ડાં. કુલદીપ આર્યની નમ્રમ અપીલને સમર્થન આપીને ગાંધીનગર તાલુકાની ૧૨, દહેગામ તાલુકાની ૧૨, માણસાની ૪ અને કલોલ તાલુકામાં ૨૯ જેટલી સેવાભાવી સંસ્થાઓ અને વ્યક્તિઓ દ્વારા જિલ્લા વહીવટી તંત્રની સાથે ખભેખભો મિલાવીને શ્રમિકોને ભોજનની સુવિધા પૂરી પાડવા માટે આગળ આવી હતી. આ સંસ્થાઓ સૂચના અનુસાર જાણ થયેલ સ્થળે ભોજન આપવામાં મદદમાં આવી રહી છે.

ગાંધીનગર જિલ્લાના ૧,૪૭,૩૯૩ રેશનકાર્ડ ધારકોને ઘઉં, ચોખા, દાળ, ખાંડ અને મીઠાનું વિના મૂલ્ય વિતરણ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લામાં નોવેલ કોરોના વાયરસના લોક ડાઉન અંતર્ગત જિલ્લાના ૧,૪૭,૩૯૩ રેશનકાર્ડ ધારકોને ઘંઉ,ચોખા, ચણાદાળ, ખાંડ અને મીઠું મળી કુલ – ૩,૬૦૨ મેટ્રિક ટનથી વધુ જથ્થાનું વિતરણ વિના મૂલ્ય કરવામાં આવશે. તે ઉપરાંત જિલ્લાના જે રેશનીંગના દુકાનદારે ચલણથી નાણાં ભરી દીધા છે, તેમને તેમના નાણાં આગામી માસમાં સરભર કરી આપવામાં આવશે, તેવું જિલ્લા પુરવઠા અધિકારીશ્રીએ જણાવ્યું છે.

ગાંધીનગર જિલ્લા પુરવઠા અધિકારીશ્રીએ જણાવ્યું છે કે, રાજય સરકાર દ્વારા રેશનકાર્ડ ધારકોને ફ્રી અનાજનું વિતરણ કરવાની જાહેરાત કરી હતી. ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી ડાં. કુલદીપ આર્યના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં અનાજના જથ્થાના વિતરણની સુચારું વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

વધુમાં તેમેણે જણાવ્યું છે કે, ગાંધીનગર જિલ્લામાં એન.એસ.એસ.એ. અંતર્ગત કુલ- ૧,૪૭,૩૯૩ કાર્ડ ધારકો છે. જેમાંથી એન.એફ.એસ.એ. ના ૯૬,૯૦૭ અને બી.પી.એલ અને અત્યોદય યોજનાના મળી કુલ – ૫૦,૪૮૬ કાર્ડ ધારકો છે. એ ન. એ ફ. એ સ. એ., બી.પી.એલ અને અત્યોદય યોજના કાર્ડ ધારકોને ઘંઉ ૨/- રૂ. કિલો, ચોખા ૩/-રૂ. કિલો અને ચણાદાળ ૪૨/- રૂ. કિલો સરકાર દ્વારા આપવામાં આવે છે.

પરંતુ નોવેલ કોરોના વાયરસના કારણે સમગ્ર જિલ્લામાં લોક ડાઉન થતાં રાજય સરકારના નિર્ણય થકી ગાંધીનગર જિલ્લાના તમામ કાર્ડ ધારકોને આગામી માસ દરમ્યાન મળનાર ઘંઉ ૨૨૮૭.૧ મે.ટન., ચોખા ૯૮૫.૨૫ મે.ટન, ચણાદાળ ૧૩૫.૮૯ મે.ટન, ખાંડ ૯૬.૯૦૭ મે.ટન અને મીઠું – ૯૬.૯૦૭ મે.ટન વિના મૂલ્ય અપાશે જેમાં ગાંધીનગર શહેરમાં ઘંઉ- ૭૦.૯૫ મે.ટન, ચોખા ૩૦.૭ મે.ટન, ચણાદાળ ૪.૪૧૨ મે.ટન, ખાંડ ૩.૦૫૯ મે.ટન અને મીઠું – ૩.૦૫૯ મે.ટન વિના મૂલ્ય અપાશે. તે ઉપરાંત ગાંધીનગર ગ્રામ્ય વિસ્તારમાં ઘંઉ- ૫૬૯.૮૫ મે.ટન, ચોખા ૨૪૫.૬ મે.ટન, ચણાદાળ ૩૪.૦૦૬ મે.ટન, ખાંડ ૨૧.૭૭૨ મે.ટન અને મીઠું – ૨૧.૭૭૨ મે.ટન, કલોલ તાલુકામાં ઘંઉ- ૫૬૩.૫મે.ટન, ચોખા ૨૪૩ મે.ટન, ચણાદાળ ૩૨.૬૬૧ મે.ટન, ખાંડ ૨૪.૫૭૨ મે.ટન અને મીઠું – ૨૪.૫૭૨ મે.ટન, માણસા તાલુકામાં ઘંઉ- ૫૪૯.૯૫ મે.ટન, ચોખા ૨૩૬.૫૫ મે.ટન, ચણાદાળ ૩૫.૧૩૭ મે.ટન, ખાંડ ૨૯.૮૩૮ મે.ટન અને મીઠું – ૨૯.૮૩૮ મે.ટન અને દહેગામ તાલુકામાં ઘંઉ- ૫૩૨.૮૫ મે.ટન, ચોખા ૨૨૯.૪ મે.ટન, ચણાદાળ ૨૯.૬૭૪ મે.ટન, ખાંડ ૧૭.૬૬૬ મે.ટન અને મીઠું – ૧૭.૬૬૬ મે.ટન જથ્થાનું વિના મુલ્ય વિતરણ રેશનીંગની દુકાનથી કરવામાં આવશે.

રાજય સરકાર દ્વારા રેશનકાર્ડ ધારકોને ઉપરોક્ત જથ્થો વિના મુલ્ય આપવામાં આવનાર છે. તેમજ જે રેશનીંગના દુકાનદારે આ માસના નાણાની રકમ ચલણથી ભરી દીધી છે. તેમને આવતા માસમાં નાણા સરભર કરી દેવામાં આવનાર છે.

નવી બિલ્ડીંગમાં વિવિધ વોર્ડમાં દવાનો છંટકાવ કરાયો

કોરોના વાયરસને પગલે તંત્ર દ્વારા સિવિલ હોસ્પિટલની નવી બિલ્ડીંગના વિવિધ વોર્ડને સેનેટાઈઝ કરવામાં આવી રહ્યા છે તે પ્રસંગની તસ્વીર.

ગાંધીનગર મહાનગરપાલિકામાં આજથી ૭મી એપ્રિલ દરમિયાન વિવિધ સ્થળોએ દવાનો છંટકાવ કરવાની કામગીરી કરાશે

મહાનગર-પાલિકા દ્વારા નોવેલ કોરોના વાયરસને નાથવા માટે સોડિયમ હાઈપો કલોરાઈડ દવાનો છંટકાવ કરવાની કામગીરીનું સુચારું આયોજન કર્યું છે. આ દવાનો છંટકાવ આજ ૩૧મી માર્ચ ૨૦૨૦ થી આગામી ૭મી એપ્રિલ, ૨૦૨૦ દરમ્યાન કરવામાં આવશે. છંટકાવ ફાયર બ્રિગેડના વાહનો દ્વારા કરાશે.

દવાનો છંટકાવ કરવાની કામગીરી તા. ૩૧મી માર્ચના રોજ સેકટર- ૪, ૮, ૯, ૨૩, ૨૪ અને ૨૫માં કરવામાં આવશે. ૧ એપ્રિલના રોજ સે-૩ એ/ન્યુ, ઈન્ફોસીટી, ધોળાકુવા, સે- ૧૯, ૨૦ ૨૭, અને ૨૮ માં કરવામાં આવશે. તા. ૨ એપ્રિલના રોજ સે-૫, ૧૬, ૧૭, ૨૧, ૨૨ અને ૨૬, ૩ એપ્રિલના રોજ સેકટર-૬, ૭, ૨૫, ૨૬ જીઆઈડીસી, ૨૯ અને ૩૦, ૪ એપ્રિલના રોજ સે- ૧, ૨, ૧૪, ૧૫ અને ફતેપુરા તથા ગોકુળપુરા, ૦૫ એપ્રિલના રોજ સે- ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪ અને આદિવાડા, ૬ એપ્રિલના રોજ ઈન્દ્રોડા, બોરીજ, પાલજ અને બાસણ ગામમાં અને તા. ૭મી એપ્રિલના રોજ જીઈબી કોલોની અને છાપરા, ચરેડી છાપરા, સે-૩૦ તથા જી.એસ.ટી એરિયામાં દવાનો છંટકાવ કરાશે.

ગાંધીનગરના સેવાભાવી યુવાનોના ગ્રૂપ રાધે રાધે પરીવાર દ્વારા ગાંધીનગર ડી.એસ.પી ઓફિસમાં જે પોલીસ જવાનો આપણા સૌની સુરક્ષા માટે રાત-દિવસ પહેરો રાખે છે. અને આ કોરોનાના કહેરમાં જીવના જોખમે પોતાની ફરજ બજાવે છે તે તમામ માટે માસ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. ડી.વાય. એસ પી. એમ.જે. સોલંકી સાથે રાધે રાધે પરિવારના તન્મય પટેલ, રાહુલ સુખડીયા, દિપક વ્યાસ સહિત સભ્યો ઉપસ્થિત રહ્યાં હતા.

ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેરમાં લોકડાઉનનો આજથી અસરકારક અમલ શરૂ કરવામાં આવશે તેવા સ્પષ્ટ સંકેત જિલ્લા તંત્રએ આપ્યા છે.
- ગાંધીનગર જિલ્લાની સખી મંડળની બહેનો દ્વારા રોજના ત્રણ હજારથી પણ વધુ માસ્ક બનાવી આપી રહી હોવાનું જિલ્લા કલેકટરે જણાવ્યું છે.
- સેકટર-૧માં વસતા ૭૦થી વધુ શ્રમજીવી પરિવારોને શહેરના સેવાભાવી યુવાનો દ્વારા બે ટંકનું ભોજન પુરું પાડવામાં આવી રહ્યું છે.
- ગાંધીનગર જિલ્લાના સરઢવ ગામમાં સરઢવ ગ્રામ વિકાસ મંડળ અને યુવાનો દ્વારા ૨૫૦૦ જેટલા ઘરોમાં જઈ સેનેટાઈઝરની ૨૦૦ એમ.એલ.ની બોટલ અને ફ્રી માસ્કનું વિતરણ કરવામાં આવ્યું છે.
- જિલ્લા તંત્ર દ્વારા ઉભી કરાયેલ બે રાહત છાવણીમાં ૩૫૦ જેટલા લોકોને આશ્રય આપવામાં આવ્યો છે અને તેમના ભોજન સહિતની સુવિધાનો પ્રબંધ કરવામાં આવ્યો છે. શહેરની ૬૦થી વધુ સ્વૈચ્છિક સંસ્થાઓ ભોજન વિતરણ સહિતની સહાયો જરૂરિયાતોને પહોંચાડી રહી છે.
- ગાંધીનગર મનપાના એમ.ઓ.એચ. હોમકવોરોન્ટાઈન થતાં તેમની જગ્યાનો વધારાનો ચાર્જ જુના એમ.એચ.ઓ. ડાં. દિનેશ બારોટને સોંપવામાં આવ્યો છે અને તેમણે ચાર્જ પણ સંભાળી લીધો છે.

હત્યાના ગુનામાં પેરોલ જમ્પ કરી નાસતા ફરતા આરોપીને એલસીબીએ પકડી પાડ્યો

ગાંધીનગર, તા.૩૦

ભારતભરમાં કોરાના વાયરસના હાહાકાર વચ્ચે લોકડાઉનની પરિસ્થતિ સર્જાઈ છે.કોરોના ના ભયના કારણે નાગરીકો ઘરમાં પુરાઈ રહે છે બહાર નીકળતા નથી. તેમ છતા શહેરી-જિલ્લા વિસ્તારમાં પોલીસ પેટ્રોલીંગ યથાવત રહેવા પામ્યું છે. ત્યારે કલોલ વિસ્તારમાં એલસીબી પોલીસ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન એક આરોપીને પકડી પાડ્યો છે. હત્યાના ગુનામાં જેલમાં બંધ આરોપી પેરોલ જમ્પ કરીને નાસતો ફરતો હતો.

મળતી માહિતી મુજબ ગાંધીનગર એલસીબી પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ ડી.એસ.રાઓલ ટીમ સાથે કલોલ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન હે.કો. લતીફખાન અને અનુપસિંહને સંયુકત રીતે બાતમી મળી હતી. જેને પગલે એલસીબી પોલીસે કલોલ ત્રિકમનગર મોચીના ડેલા પાસેથી આરોપી પ્રવિણ ઉર્ફે ભોલો પરસોત્તમભાઈ ધવલ (રહે. કુબેરનગર ઉ.૨૪)ને પકડી પાડ્યો હતો. વર્ષ ૨૦૧૬ માં સરદારનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ખુનના ગુનામાં પકડાયેલો હતો.સાબરમતિ સેન્ટ્રલ જેલમાં કાચા કામના કેદી તરીકે સજા કાપી રહેલો આરોપી બે માસ પહેલા ૧૦ દિવસના પેરોલ પર બહાર આવ્યો હતો. ત્યારબાદ તે જેલમાં હાજર થયો ન હતો. આરોપી પાસેથી ૧,૫૬,૧૧૪ ની કિંમતની સોનાની રૂદ્રાક્ષની માળા મળી આવી હતી. આ માળા તેના ભાઈ પ્રતાપ તેમજ તેના મિત્રોએ આશરે દોઢ માસ પહેલા ઓઢવ વિસ્તારમાં લુંટ કરી હતી. જેથી આરોપીને પકડી પાડીને પોલીસે તેની સામે કાયદેસરની કાર્યવાહી શરુ કરી છે.

વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા અનાજની કીટનું વિતરણ

ગાંધીનગર શહેરમાં લોકડાઉનમાં નાગરીકોની હાલત કફોડી બની જવા પામી છે. ત્યારે સેવાભાવી સંસ્થાઓ અને નાગરીકો દ્વારા સતત સેવાનો પ્રવાહ વહેતો રહ્યો છે. ત્યારે ગાંધીનગર વિશ્વ હિન્દુ પરિષદ તેમજ બજરંગદળના આગેવાનો અને કાર્યકર્તાઓ દ્વારા શ્રમિક અને જરુરીયાતમંદ નાગરીકોને ૧૩ જેટલી ઘરવપરાશની ચીજવસ્તુ સાથેની અનાજની ૩૦૦ થી વધુ કીટનું વિતરણ કરવામાં આવ્યું છે. આ કીટમાં ચોખા, મગદાળ, ચા-ખાંડ, મીઠુ-મરચુ, હળદર, તેલ, ગોળ, લોટ, સાબુ, બટાકા અને સેનેટાઈઝર પણ આપવામાં આવ્યું છે. વીએચપી અને બજરંગ દળના ૨૦ જેટલા સેવાભાવી યુવાનો આ કાર્યમાં જોડાયેલા છે. શહેરના શ્રમિકો અને જરુરીયાતમંદ પરિવારોને આ કીટનું વિતરણ કરવામાં આવશે. આગામી સમયમાં પણ કીટ અને હાલના સમયે નગરના વિવિધ વિસ્તારમાં જઈને ભુખ્યા નાગરીકોને ભોજન પીરસવાનું ભગીરથ કાર્ય શરુ છે. ત્યારે આ સેવા કાર્યમાં નામ ન આપવાની શરતે દાતાઓનો આર્થિક સાથ અને સહયોગ પણ સાંપડે છે.

મીનાબજાર પાછળ ક્રિકેટ રમતા પાંચ યુવકો સામે જાહેરનામા ભંગની ફરીયાદ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેરના જુના સચિવાલય મીના બજાર પાછળની બાજુએ ક્રિકેટ રમતા પાંચ યુવકો સામે પોલીસે ગુનો નોંધ્યો છે. કોરોના વાયરસને પગલે શહેરમાં લોકડાઉનની પરિસ્થિતિ છે. ત્યારે શહેરમાં કામ વિના એકઠા થતા અને ટોળે વળીને બેસી રહેતા નાગરીકો માટે પોલીસે પેટ્રોલીંગ વધારી દીધુ છે.ત્યારે પોલીસની ટીમ પેટ્રોલીગમાં મીના બજાર ખાતે પહોંચી હતી. ત્યારે કેટલાક યુવાનો ક્રિકેટ રમી રહ્યા હતા. પોલીસને જોઈ ક્રિકેટ રમતા યુવાનોમાં દોડધામ મચી ગઈ હતી.

જેમાં પાંચ યુવકો પોલીસના હાથમાં આવી ગયા હતા, જયારે બાકીનો ભાગી જવામાં સફળ રહ્યા હતા. પોલીસના હાથે પકડાયેલા યુવકોમાં મીનાબજાર પાછળ છાપરામાં રહેતા શરદ અમરત દંતાણી, રવિ વિનોદ દંતાણી, કિરણ પપ્પુ સોલંકી, સતિષ ગણપત દંતાણી, અને રમેશ ભુરાભાઈ દંતાણીનો સમાવેશ થાય છે.સેકટર-૭ પોલીસે આ યુવકો સામે જાહેરનામા ભંગ બદલ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઘરમાં રહો સુરક્ષિત રહો

આપણે સુરક્ષિત તો રાષ્ટ્ર સુરક્ષિત

કોરોના વાયરસને ડામવા
રાજ્ય સરકારનો મક્કમ નિર્ધાર

રાજ્ય સરકારનો સંવેદનશીલ નિર્ણય

જગતના તાતની મુશ્કેલીઓ નિવારવા રાજ્ય સરકાર આવી ખેડૂતોની વહારે

વંચિત વિદ્યાર્થીઓને સહાય કરશે સંવેદનશીલ સરકાર

- પાકની લણણી માટે હાર્વેસ્ટર, થ્રેસર, રિપર જેવાં સાધનો સાથે તેના માલિક, ડ્રાઈવર તેમજ મજૂરો અવરજવર કરી શકશે
- લણણી બાદ પાકસંગ્રહ માટે ખેતરથી ઘર કે ગોડાઉન સુધી પાક લઈ જવાની છૂટ રહેશે
- બાગાયત અને ઉનાળુ પાકની જાળવણી અને પિયત માટે ખેડૂતો પોતાના ખેતરમાં અવરજવર કરી શકશે
- રાત્રે વીજ પુરવઠો મળતો હોય, એ દિવસોમાં રાત્રે પણ ખેડૂતો પિયત માટે પોતાના ખેતરમાં અવરજવર કરી શકશે
- ફળ અને શાકભાજી જેવા ઝડપથી નાશ પામતા ઉત્પાદનોને માર્કેટ સુધી પહોંચાડવા નિર્ધારિત સમય દરમ્યાન પરિવહન કરી શકાશે

- અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, બક્ષીપંચ તેમજ બિનઅનામત વર્ગનાં બાળકોને મળશે લાભ
- આશ્રમ શાળાઓ, નિવાસી શાળાઓનાં બાળકોને વિદ્યાર્થીદીઠ રૂ.૧૫૦૦ની સહાય ચૂકવાશે
- જે બાળકો પોતાના ઘરે ચાલ્યાં ગયાં છે, તેમના એપ્રિલ માસના ભોજન ખર્ચ પેટે રાજ્ય સરકાર દ્વારા સહાયની રકમ સીધા જ વાલીના બેન્ક ખાતામાં જમા કરાવાશે
- રાજ્યનાં દિવ્યાંગ છાત્રાલયોમાં રહેતા ૧૧ હજાર દિવ્યાંગ બાળકો ઉપરાંત બાળ સંરક્ષણ ગૃહમાં રહેતાં બાળકોને પણ વિદ્યાર્થીદીઠ રૂ.૧૫૦૦ની સહાયનો લાભ મળશે

કોરોનાની મહામારીની ગંભીર પરિસ્થિતિમાં રાજ્ય સરકાર જગતના તાતની પડખે જ છે - શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત